જીસીઈઆરટી/એસ.ટી.ટી.આઈ/૨૦૨૦/ ૨૦૧૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન : (079) 23256808
ફેક્સ: (079) 23256812
ઇ-મેઇલ : gcert.gujarat.gov.in
તારીખ : 14/08/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જિલ્લા(ગુ.રાં.)

**વિષય :–** રાજયના માધ્યમિક વિભાગના ગુજરાતી, ગણિત, સામાજીક વિજ્ઞાન તેમજ વિજ્ઞાન વિષયની બાયસેગના માધ્યમ ધ્વારા ઓનલાઈન તાલીમ યોજવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા રાજયના માધ્યમિક વિભાગના સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર શાળાઓના ઉપરોક્ત વિષયના વિષય શિક્ષકોની બાયસેગ (વંદે ગુજરાત ચેનલ નંબર – ૧) ના માધ્યમથી ઓનલાઈન તાલીમનું પ્રસારણ પત્રકમાં દર્શાવેલ તારીખ તેમજ સમય મુજબ કરવામાં આવનાર છે.

| ક્રમ | વિષય | તાલીમની તારીખ અને સમય | તાલીમનો સમય | પ્રશ્નો મોકલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૦૭/૦૮/૨૦૨૦ | ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૦૬/૦૮/૨૦૨૦ |
| ૨ | સામાજીક વિજ્ઞાન | ૧૮/૦૮/૨૦૨૦ | ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૧૭/૦૮/૨૦૨૦ |
| ૩ | ગણિત | ૧૯/૦૮/૨૦૨૦ | ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૧૮/૦૮/૨૦૨૦ |
| ૪ | વિજ્ઞાન | ૨૧/૦૮/૨૦૨૦ | ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૨૦/૦૮/૨૦૨૦ |

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત વિષયોને સંલગ્ન તાલીમ સાહિત્ય પણ આપશ્રીની કચેરીને અગાઉ પાઠવેલ ઈ–મેઈલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે, જે સાહિત્ય સબંધિત વિષયના શિક્ષક સુધી SVS ના માધ્યમથી, EI / AdI ના માધ્યમથી પ્રત્યેક વિષય શિક્ષક સુધી પ્રાપ્ત થાય, સંબંધિત વિષય શિક્ષક સાહિત્યનો અભ્યાસ કરે અને તેને આનુષંગિક વિષયને લગતી મૂંઝવણ/પ્રશ્નો એસ.ટી.ટી.આઈ સંસ્થાને ઈ.મેઈલ મારફતે મોકલી આપવા અંગે યોગ્ય વ્યવસ્થાપન કરવાનો આપશ્રીને અનુરોધ કરેલ હતો. અત્રે વિદિત થાય કે, સદર બાબત અંગે એસ.ટી.ટી.આઈ. મારફતે વારંવાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી સાથે ટેલિફોનિક સંવાદ દ્વારા શિક્ષણ નિરિક્ષક / મદદનિશ શિક્ષણ નિરિક્ષકને વિદિત કરાવ્યાં બાદ પણ અપેક્ષિત સંખ્યામાં શિક્ષકો તરફથી પ્રશ્નો/મૂંઝવણ મોકલવાં અંગે યોગ્ય પ્રતિભાવ માલૂમ પડેલ નથી. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં ઓનલાઈન તાલીમનો આ પ્રથમ તબક્કો છે જે વિસ્તરીત થઈને PISA (Programe for International Student Assessment) ટ્રેનીંગના સ્તર સુધી પણ લઈ જવા અંગે આપના સહકારની આવશ્યકતા રહે છે. સદર બાબતને ધ્યાને લેતાં આ તાલીમના આયોજનને સહેતુક તેમજ સફળ બનાવવા એક પ્રણાલી (સિસ્ટમ) વિકસીત થાય તેમજ રાજયના સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર શાળાના તમામ શિક્ષકો સુધી માહિતીનું આદાન પ્રદાન થાય તે અંગે યોગ્ય વ્યવસ્થાપન કરવા અનુરોધ છે.

| | | |
|---|---|---|
| નિયામક | નિયામક | સચિવ |
| જીસીઈઆરટી | શાળાઓની કચેરી | ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

ક્રમાંક:/ ૧૧૨૭૦ - ૧૧૫૦૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તારીખ ૧૭/૦૮/૨૦૨૦

ર/- નકલ રવાના જાણ વ અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ) તમામ.
જિ.બનાસકાંઠા.